જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા સક્ષમ સત્તાધિકારીની પૂર્વ મંજૂરી વિના રજા જાહેર કરવા અથવા શિક્ષકોને ઓન-ડ્યુટી રજા આપવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પરચ/૧૧૨૦૧૮/૩૬૪/લ
સચિવાલય, ગાંધીનગર
તા:૧૫/૦૫/૨૦૧૮

વંચાણે લીધા:

(૧) વિભાગની ઇ શાખાનો તા: ૦૪/૦૧/૨૦૧૮નો પત્ર ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૭/૯૬૯/ઇ

પરિપત્ર:

સેવાભાવી સંસ્થાઓ દ્વારા શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી ક્રિકેટ અથવા અન્ય પ્રકારના આવા આયોજનો કરવામાં આવતા હોય છે. આવા પ્રકારના આયોજનો જાહેર રજા સિવાયના દિવસોએ પણ કરવામા આવતા હોય છે. ઘણીવાર જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ પોતાના હોદ્દા અને સત્તાની રૂએ રજા જાહેર કરતા હોય છે. જે નિયમની વિરુધ્ધ છે અને આ કારણે વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યો પર વિપરીત અસર પડે છે. તેથી, આવા પ્રકારના આયોજનો જાહેર રજાના દિવસે જ થાય તે જોવા અને જરૂર જણાયે જો કોઇ કિસ્સામાં જાહેર રજા સિવાયના દિવસે આયોજન કરવાનું થાય તો શૈક્ષણિક કાર્યને વિપરીત અસર ન થાય તે ધ્યાને લઇને શાળામાં રજા જાહેર કરવી કે શિક્ષકોને ઓન-ડ્યુટી રજા જાહેર કરવી તે અંગે સક્ષમ સત્તાધિકારીની અચૂક પણે પૂર્વ મંજૂરી મેળવી લેવા સંબંધિતોને સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એમ.ઠક્કર)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી (ઉચ્ચ અને ટેક્નીકલ શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.આઇ.ઇ.ટી., ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, એસ.એસ.એ., ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર.
- નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારી (નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર મારફત)
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી ગાંધીનગર મારફત)
- વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રીઓ
- નાયબ સેક્શન અધિકારી (સિલેક્ટ ફાઇલ)
- શાખા સિલેક્ટ ફાઇલ.

૯૨૦૦-૩૪

ક્રમાંક/ ૫૨૫/૨જ/૨૦૧૬
કમિશનરશ્રી, શાળાઓની કચેરી
બ્લોક નં.૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા. ૨૪/૫/૨૦૧૬

જાણ સારુ તથા ઉચિત કાર્યવાહી કરવા સારુ

I/c સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા., ગાંધીનગર

પ્રતિ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી/પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
તમામ,